


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-45 ■ તા. 24-11-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

16-11-2025_43 Jan Fariyad_P-1

# ૫.૭ના ભૂકંપે બાંગ્લાદેશમાં મચાવી તબાહી, ૧૦ના મોત

## ભૂકંપનું કેન્દ્રબિંદુ (એપિસેન્ટર) ઢાકાથી લગભગ ૧૩ કિલોમીટર દૂર આવેલા નરસિંગડીમાં નોંધાયું હતું, જ્યાં સૌથી વધુ નુકસાન થવા પામ્યું હતું

ઢાકા,

બાંગ્લાદેશની રાજધાની ઢાકા અને તેની આસપાસના વિસ્તારો સવારે ૫.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપથી ધ્રુજી ઉઠ્યા હતા. આ ભૂકંપને કારણે અત્યાર સુધીમાં મૃત્યુઆંક વધીને ૧૦ પર પહોંચી ગયો છે, જ્યારે ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ (એપિસેન્ટર) ઢાકાથી લગભગ ૧૩ કિલોમીટર દૂર આવેલા નરસિંગડીમાં નોંધાયું હતું, જ્યાં સૌથી વધુ નુકસાન થયું છે. આ ભૂકંપના આંચકા ભારતના પશ્ચિમ બંગાળ, આસામ અને ત્રિપુરા સહિતના પૂર્વોત્તર રાજ્યોમાં પણ અનુભવાયા હતા. શુક્રવારે સવારે સ્થાનિક સમય મુજબ ૧૦:૩૮ વાગ્યે આવેલા આ ભૂકંપને કારણે ભારે અફરા-તફરી મચી ગઈ હતી. ગભરાયેલા લોકો પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર રસ્તા પર દોડી આવ્યા હતા. ઢાકામાં ૪, ભૂકંપના કેન્દ્રબિંદુ નરસિંગડીમાં ૫ અને નારાયણ ગંજમાં ૧ વ્યક્તિનું મોત થયું છે. ઢાકાના બોંગશાલ વિસ્તારમાં એક પાંચ માળની ઈમારતની રેલિંગ તૂટીને નીચે ચાલી રહેલા ત્રણ લોકો પર પડતાં તેમના મૃત્યુ થયા હતા. જ્યારે ઢાકાના ઔદ્યોગિક વિસ્તાર ગાઝીપુરમાં, ફેક્ટરીઓમાં કામ કરી રહેલા મજૂરો ભૂકંપના આંચકા દરમિયાન ઈમારતોમાંથી બહાર ભાગતી વખતે થયેલી ભાગદોડમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઢાકાના એક રહેવાસીએ જણાવ્યું, ×અમે જોરદાર આંચકો અનુભવ્યો. ઈમારતો વૃક્ષોની જેમ હલી રહી હતી. બધા એક સાથે નીચે ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હોવાથી લોકો સીડીઓમાં ફસાઈ ગયા હતા. બાળકો રડી રહ્યા હતા, દરેક જણ ડરી ગયું હતું.× આ ભૂકંપની અસર ભારતમાં પણ જોવા મળી હતી. પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં સવારે ૧૦:૧૦ વાગ્યે (ભારતીય સમય) લોકોએ આંચકા અનુભવ્યા હતા અને સાવચેતીના ભાગરૂપે તેઓ ઘરો અને ઓફિસોમાંથી બહાર આવી ગયા હતા. આ ઉપરાંત, આસામના ગુવાહાટી, ત્રિપુરાના અગરતલા અને મેઘાલયના શિલોંગમાં પણ ભૂકંપની અસર અનુભવાઈ હતી. જોકે, અધિકારીઓએ જણાવ્યું કે ભારતમાં કોઈ મોટા નુકસાન કે જાનહાનિના સમાચાર નથી. ભૂકંપ સમયે ઢાકામાં ચાલી રહેલી બાંગ્લાદેશ-આયર્લેન્ડ ટેસ્ટ મેચને પણ થોડી મિનિટો માટે રોકવી પડી હતી. જોકે, સ્ટેડિયમમાં કોઈ નુકસાન થયું ન હતું. બાંગ્લાદેશના વચગાળાના પ્રશાસનના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે લોકોને શાંતિ જાળવવા અને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે સરકાર નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.



# બેફામ કારે અનેક વાહનો ફંગોળી નાખ્યા, ૪ લોકોના મોત

## કારચાલકને હૃદયરોગનો હુમલો આવતાં તેણે કાર પરનું સંતુલન ગુમાવ્યું, જેના પરિણામે આ અકસ્માત સર્જાયો

મુંબઈ,

મુંબઈને અડીને આવેલા થાણે જિલ્લામાં અંબરનાથના પૂર્વ અને પશ્ચિમ ભાગોને જોડતા પુલ પર શુક્રવારે રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. એક સ્પીડમાં આવેલી ફોર વ્હીલર સામેથી આવતા અનેક ટુ વ્હીલર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ૪ ટુ વ્હીલર સવારોના ઘટનાસ્થળે જ મોત થયા છે. પ્રારંભિક માહિતી મુજબ, પુલ પર એક કાર ખૂબ જ ઝડપથી દોડી રહી હતી. ડ્રાઈવરે કાર પરનો કાબુ ગુમાવ્યો હોવાનું સામે આવ્યું છે. કાબુ બહાર ગયેલી કારે પુલ પરથી સામે આવી રહેલા ટુ વ્હીલરને કચડી નાખ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે, ટુ વ્હીલર સવારો પુલની નીચે ઘા થઈ ગયા હતા. આ ઉપરાંત, અનેક વાહનોને પણ ભારે નુકસાન થયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, કાર ખૂબ જ ઝડપથી આવી રહી હતી, જેના કારણે આ અકસ્માત થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આ ભયાનક અકસ્માતમાં ચાર ટુ-વ્હીલર સવારોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોના નામ અને ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પોલીસ તેમની ઓળખ માટે કામ કરી રહી છે. અકસ્માતમાં ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં, ઘાયલોની સારવાર ચાલી રહી છે. તેમની સ્થિતિ વિશે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. પુલ પર લગાવેલા CCTV કેમેરામાં સમગ્ર અકસ્માત કેદ થયો છે. ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે, કેવી રીતે ઝડપી ગતિએ જતી કારે કાબુ ગુમાવ્યો અને ટુ-વ્હીલર્સને ટક્કર મારી હતી. પોલીસે ફૂટેજ કબજે કર્યા છે અને ફૂટેજના આધારે અકસ્માતનું ચોક્કસ કારણ અને કારના ડ્રાઈવરની તપાસ કરી રહી છે. આ અકસ્માતને કારણે પુલ પર હાહાકાર મચી ગયો હતો. અકસ્માતની માહિતી મળતાં, સ્થાનિક નાગરિકો અને રાહદારીઓએ તાત્કાલિક રાહત કાર્ય શરૂ કર્યું અને ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં મદદ કરી હતી. અંબરનાથ પોલીસે કેસ નોંધ્યો છે અને હાલમાં કારના ડ્રાઈવરની શોધ કરી રહી છે. પોલીસના પ્રાથમિક અહેવાલો અને ઘટનાના સંજોગો અનુસાર, અકસ્માતનું મુખ્ય કારણ કાર ચાલકને આવેલો હૃદયરોગનો હુમલો છે. કારચાલકને અચાનક હૃદયરોગનો હુમલો આવતાં તેણે કાર પરનું સંતુલન ગુમાવ્યું હતું, જેના પરિણામે આ ગંભીર અકસ્માત સર્જાયો. અકસ્માત બાદ ફ્લાયઓવર અને રસ્તા બંને પર લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે કેસ નોંધીને ઘટનાના ચોક્કસ કારણની તપાસ શરૂ કરી છે.

### મહારાષ્ટ્ર યોજાનાર સ્થાનિક એકમની ચૂંટણી

# ભાજપના ૧૦૦ ઉમેદવાર તો બિનહરીફ જ જીતી ગયા!

## ચૂંટણી પહેલા જ ભાજપે એક મોટો સ્કોર બનાવી દીધો છે : ભાજપ પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણે માહિતી આપી

મુંબઈ,

મહારાષ્ટ્રની નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ જબરદસ્ત સરસાઈ મેળવવાનો દાવો કર્યો છે. ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખે, પાર્ટીના ૧૦૦ નગરસેવકો અને ૩ ચેરમેન નિર્વિરોધ ચૂંટાયા. આનો અર્થ એ છે કે ચૂંટણી મુકાબલો શરૂ થાય તે પહેલા જ ભાજપે એક મોટો સ્કોર બનાવી દીધો છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણે આ જીતની માહિતી આપી હતી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણના મતે પીએમ મોદી અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ પર જનતાએ વિશ્વાસ મૂક્યો છે. પાર્ટીના નેતાઓ દાવો કરે છે કે ભાજપની નીતિઓ અને વિકાસના વચનોએ એટલો પ્રભાવ પાડ્યો કે ઘણી જગ્યાએ વિપક્ષે ચૂંટણીમાં ઊભા રહેવાની હિંમત પણ ન બતાવી. નિર્વિરોધ જીતના આંકડા રાજ્યના વિવિધ ભાગોમાંથી પ્રાપ્ત થયા છે. સૌથી વધુ બેઠકો ઉત્તર મહારાષ્ટ્ર અને પશ્ચિમ મહારાષ્ટ્રમાંથી જીતવામાં આવી છે. જેમાં ઉત્તર મહારાષ્ટ્રઃ ૪૯, પશ્ચિમ મહારાષ્ટ્રઃ ૪૧, કોંકણઃ ૪, મરાઠવાડાઃ ૩, વિદર્ભઃ ૩. આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઉત્તર અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં ભાજપની પકડ મજબૂત બની રહી છે. ભાજપના કહેવા મુજબ, ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખે સમય પૂરો થતાંની સાથે જ, ભાજપના ઉમેદવારો માટે નિર્વિરોધ ચૂંટાવાનો રસ્તો સરળ બન્યો. વિપક્ષ તરફથી ઘણી જગ્યાએ કાં તો કોઈ ઉમેદવાર મેદાનમાં ન આવ્યા અથવા છેલ્લી ઘડીએ ફોર્મ પાછા ખેંચી લેવામાં આવ્યા. આ રીતે, ભાજપે ચૂંટણી લડ્યા વિના જ મોટી સંખ્યામાં જીત હાંસલ કરવાનો દાવો કર્યો છે. ભાજપ આ સફળતાને પોતાના સંગઠનની મજબૂતી અને સરકારના કામકાજની સ્વીકાર્યતા તરીકે રજૂ કરી રહી છે. જોકે, વિપક્ષનું માનવું છે કે ખરો મુકાબલો તો ચૂંટણીમાં હવે થવાનો બાકી છે. આમ છતાં, મતદાન શરૂ થાય તે પહેલા જ ભાજપે પ્રારંભિક સરસાઈ મેળવી લીધી છે. બાકીની બેઠકો પર યોજાનારા મુકાબલા જ હવે અંતિમ પરિણામો કોના પક્ષમાં રહેશે તે નક્કી કરશે.

### વેપાર અને વ્યૂહાત્મક ભાગીદારી પર ચર્ચા

# મોદીએ G-20 સમિટમાં ઓસી.ના પ્રધાનમંત્રીની સાથે કરી મુલાકાત

## ભારત અને ઓસ્ટ્રેલિયા દ્વારા રક્ષા પ્રશિક્ષણ, સંયુક્ત અભ્યાસ અને ટેક્નોલોજી શેરિંગ પર ભાર મુકાયો

જોહાનિસબર્ગ,

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં યોજાઈ રહેલી ય-૨૦ લીડર્સ સમિટ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બેનીઝ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી. બંને દેશો વચ્ચે છેલ્લા પાંચ વર્ષોમાં મજબૂત બનેલી વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા માટે આ મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદી દક્ષિણ આફ્રિકા પહોંચી ઓસ્ટ્રેલિયન PM અલ્બેનીઝને મળ્યા. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેમણે જણાવ્યું કે, આ વર્ષે ભારત-ઓસ્ટ્રેલિયા વ્યૂહાત્મક ભાગીદારીના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન આપણા સંબંધોમાં પરિવર્તનકારી પ્રગતિ થઈ છે. આજે અમારી બેઠક ખૂબ જ ઉપયોગી રહી. બંને દેશો વચ્ચે વધતા સહકારને લઈને PM એ ખાસ સંતોષ વ્યક્ત કર્યો.

**ચર્ચાના મુખ્ય મુદ્દા**

સંરક્ષણ અને સુરક્ષા સબંધો : બંને દેશો હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા માટે વર્ષોથી સહકાર વધારી રહ્યા છે. રક્ષા પ્રશિક્ષણ, સંયુક્ત અભ્યાસ અને ટેક્નોલોજી શેરિંગ પર ભાર મુકાયો.

વેપાર અને આર્થિક ભાગીદારી : ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવા બંને નેતાઓ અનુમોદિત. મહત્વપૂર્ણ ખનિજો, વધતા રોકાણ અને નવી વેપાર તક પર ચર્ચા થઈ.

પરમાણુ ઉર્જા ક્ષેત્રે સહયોગ : સ્વચ્છ ઉર્જા અને પરમાણુ સહકાર વધારવા માટે બંને દેશો પ્રયત્નશીલ રહેશે.

શિક્ષણ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન : વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ અને વ્યાવસાયિકો માટે વધુ સુવિધા અને તક ઉભી કરવાનો મુદ્દો મુખ્ય રહ્યો.

અલ્બેનીઝે દિલ્હી ખાતે તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા તેમજ સાઉદી અરેબિયામાં બસ અકસ્માતમાં ભારતીયોના મોત પર શોક વ્યક્ત કર્યો અને ભારત સાથે એકતા દેખાડી.

ઓસ્ટ્રેલિયન PM અલ્બેનીઝે કહ્યું કે, ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધો ખુબ જ ગાઢ છે. આપણે આર્થિક અને રક્ષણ સહયોગને વધુ ઊંડો કરી શકીએ છીએ. આપણા વચ્ચે ચર્ચા માટે ઘણું છે અને સહકારની સંભાવનાઓ વધી રહી છે.

વિદેશ મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું કે, ૨૦૨૦માં સંબંધોને ''વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી'' તરીકે અપગ્રેડ કર્યા બાદ બંને દેશો વચ્ચે છેલ્લા પાંચ વર્ષમાં ખૂબ પ્રગતિ થઈ છે. બંને નેતાઓએ આતંકવાદ સામે વૈશ્વિક લડતને વધુ મજબુત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

G-20 સમિટની સાઈડ લાઈન બેઠકમાં PM મોદીએ દક્ષિણ આફ્રિકાની મોટી ટેક કંપની દ્રઢજૌજિના ચેરમેન ક્રૂસ બેકર અને CEO ફેબ્રિસિયો બ્લોસિ સાથે મુલાકાત કરી. આ બેઠકમાં ભારતના ઝડપથી વિકસતા ડિજિટલ ઈકોસિસ્ટમમાં રોકાણ વધારવાની સંભાવનાઓ, ટેક્નોલોજી, ઈન્ટરનેટ સેવાઓ અને ડિજિટલ ફાઈનાન્સ ક્ષેત્રે સહકારની શક્યતાઓ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ મુલાકાતની પુષ્ટિ કરી.

### બાળકો અને વૃદ્ધો માટે એલર્ટ જાહેર

# દિલ્હીમાં શ્વાસ લેવામાં પણ તકલીફ, AQI 439 પર પહોંચ્યો

## પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર આગામી ત્રણથી ચાર દિવસ સુધી હવાની ગુણવત્તામાં સુધારો થવાની કોઈ આશા નથી

નવી દિલ્હી,

રાજધાની દિલ્હીમાં આજે શનિવારે હવા ફરી એકવાર ઝેરી બની છે. સવારે AQI 439 પર ભયાનક સ્તરે પહોંચ્યો છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, આ હવાની ગુણવત્તા અત્યંત ખતરનાક માનવામાં આવી રહી છે. જણાવી દઈએ કે, PM2.5 સ્તર ૨૯૪ માઈક્રોગ્રામ અને PM10 સ્તર ૩૯૦ માઈક્રોગ્રામ સુધી પહોંચ્યું છે.

પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યા મુજબ, આગામી ત્રણથી ચાર દિવસ સુધી હવાની ગુણવત્તામાં સુધારો થવાની શક્યતા નથી. આ વચ્ચે રાહત એ છે કે, ૨૭-૨૮ નવેમ્બર પછી, પવનની ગતિમાં સુધારો થઈ શકે છે, જે પ્રદૂષિત હવાને ધકેલી શકે છે. તેમની સામાન્ય ગતિ ૧૦-૧૫ કિમી પ્રતિ કલાકથી વધી શકે છે, જે પ્રદૂષિત કણોને આરામથી ધકેલી શકે છે. આ ઉપરાંત, વરસાદની કોઈ આગાહી નથી, તેથી ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયા સુધીમાં સંપૂર્ણ રાહતની અપેક્ષા છે.

નવેમ્બરના છેલ્લા અઠવાડિયા સુધીમાં, ઠંડી વધુ તીવ્ર બનશે. મહત્તમ તાપમાન ૨૬ થી ૨૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે, રાત્રે વધુ ઘટાડો થવાની ધારણા છે. સવારે અને સાંજે ધુમ્મસ હાજર રહી શકે છે, જે વિઝિબિલિટીને અસર કરી શકે છે. પવનની ગતિ ખૂબ જ ધીમી છે, જેના પરિણામે પ્રદૂષિત હવા થશે. જણાવી દઈએ કે, દિલ્હી સરકારે પ્રદૂષણ ઘટાડવા માટે ગ્રેપ-૩ સહિત અનેક પગલાં અમલમાં મૂક્યા છે, પરંતુ AQI સ્તર સતત જોખમી ચિહ્નથી ઉપર રહે છે. તેથી, સલાહનું પાલન કરો અને જો જરૂરી હોય તો જ બહાર નીકળો. જો તમારે બહાર જવું જ પડે, તો મેટ્રો, જાહેર પરિવહન અથવા ઈ-વાહનોનો ઉપયોગ કરો.

# બંગાળની ખાડીથી સેન્યાર વાવાઝોડું લાવશે તબાહી!

નવી દિલ્હી,

દેશમાં હાલ ઠંડીનો કહેર જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં કોહરો છવાયેલો છે. દિલ્હી એનસીઆરમાં પણ હળવી ઠંડી પડવા લાગી છે. પ્રદૂષણના કારણે અહીં સમસ્યા વધી ગઈ છે. હવામાન વિભાગના જણાવ્યાં મુજબ ૨૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ પશ્ચિમ અને મધ્ય ભારતમાં આગામી ૩ દિવસમાં ન્યૂનતમ તાપમાન ૨-૩ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. જ્યારે ઉત્તર-પશ્ચિમ ભારતમાં રાતના સમયે તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો જોવા મળી શકે છે. હવામાન વિભાગે બંગાળની ખાડીમાં એક નવા ચક્રવાતી સર્ક્યુલેશનની સંભાવના વચ્ચે સાઉથ ઈન્ડિયામાં તોફાન અને ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ૨૩-૨૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ કેરળ સહિત આંધ્ર પ્રદેશ, અને તટીય તમિલનાડુમાં ભારે વરસાદ અંગે એલર્ટ જાહેર કરાયું છે. આ દરમિયાન ૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. એવું કહેવાય છે કે સેન્યાર સાઈક્લોનિક સર્ક્યુલેશનના પગલે ભારે તબાહી મચી શકે છે. બંગાળની ખાડીમાં સર્જાઈ રહેલી ચક્રવાતી સિસ્ટમ ૨૪ નવેમ્બર સુધીમાં ડિપ્રેશનમાં અને પછી સેન્યાર વાવાઝોડામાં ફેરવાઈ શકે તેવી હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. ૨૭થી ૩૦ નવેમ્બરની વચ્ચે લેન્ડફોલ થાય તેવી સંભાવનાના પગલે આંધ્રના તટીય જિલ્લાઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યાં મુજબ બંગાળની ખાડીમાં શુક્રવાથી સાઈક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે જે રવિવારે લો પ્રેશરમાં અને સોમવાર સુધીમાં ડિપ્રેશનમાં ફેરવાય તેવી સંભાવના છે. ત્યારબાદ સિસ્ટમ મજબૂત થઈને સેન્યાર વાવાઝોડામાં ફેરવાઈ શકે છે. આ સિસ્ટમથી જો સૌથી વધુ જોખમ કોઈ રાજ્યોને હોય તો તે આંધ્ર પ્રદેશ અને તેલંગણાના છે.

16-11-2025_43 Jan Fariyad_P-2

# દુનિયા વિકાસના મોડલ પર ફરી વિચાર કરે, ડ્રગ્સ-આતંકવાદ વિરુદ્ધ એક થાઓ

## જી૨૦ દેશ મળીને ૧૦ વર્ષોમાં આફ્રિકામાં ૧૦ લાખ પ્રમાણિત ટ્રેનર તૈયાર કરશે : આ ટ્રેનર કરોડો યુવાનોને નવી ટેકનિક, નવી નોકરીઓ અને નવા કૌશલ સાથે જોડશે

જહોનિસબર્ગ,

દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓનો મંચ G20 પહેલી વાર આફ્રિકી ધરતી પર પહોંચ્યો છે. જયાં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઐતિહાસિક અવસર પર ત્રણ મોટા પ્રસ્તાવ આપ્યા છે, જે આવનારા સમયમાં વૈશ્વિક વિકાસનો ઢાંચો બદલી નાખશે. તેમનો વિચાર સ્પષ્ટ હતો કે દુનિયા ત્યારે જ આગળ વધશે, જયારે વિકાસ સંતુલિત, સમાવેશી અને ટકાઉ હશે. આ ભાવ તેમની દરેક પહેલમાં જોવા મળ્યો હતો. ૧૦ લાખ ટ્રેનર, ડ્રગ ટેરર નેટવર્ક પર આકરા પ્રહાર અને વૈશ્વિક પરંપરાગત જ્ઞાન ભંડાર, આ ત્રણ સૂચનો આ વાતનો સંકેત છે કે ભારત આજે ખાલી પોતાની જરૂરિયાતો જ નહીં પણ વિકાસશીલ દેશોના સહિયારા પડકારોનો પણ અવાજ ઉઠાવી રહ્યું છે. પીએમ મોદીએ સ્પષ્ટ કહ્યું કે, આફ્રિકાનો વિકાસ, દુનિયાના વિકાસની શરત છે. આ પહેલનો ઉદ્દેશ્ય છે-આફ્રિકાના યુવાનોને મોટા પાયે ટ્રેનિંગ આપી તેમને ઝડપથી બદલાતી દુનિયા માટે તૈયાર કરવાના. પીએમ મોદીએ જણાવ્યું કે ભારતની જી૨૦ અધ્યક્ષતા દરમિયાન આફ્રિકી યુનિયનને સ્થાયી સભ્ય બનાવ્યું અને હવે ભારત ઈચ્છે છે કે એ જ ભાવનાથી કૌશલ વિકાસને નવી દિશા મળે. આ મોડલમાં જી૨૦ દેશ મળીને આવનારા ૧૦ વર્ષોમાં આફ્રિકામાં ૧૦ લાખ પ્રમાણિત ટ્રેનર તૈયાર કરશે. આ ટ્રેનર આગળ કરોડો યુવાનોને નવી ટેકનિક, નવી નોકરીઓ અને નવા કૌશલ સાથે જોડશે. પીએમ મોદીએ જી૨૦ દેશો સામે એક અનોખી શરત રાખી-દુનિયાભરમાં પડેલા પ્રાચીન જ્ઞાનને એક મંચ પર લાવવું. તેમનો તર્ક હતો કે કેટલાય સમુદાય પાસે એવા જીવન મોડલ છે, જે પર્યાવરણને અનુકૂળ, સાંસ્કૃતિક રીતે મજબૂત અને સામાજિક રીતે સંતુલિત છે. આ જ્ઞાન આજની દુનિયાને સંતુલન અને સ્વાસ્થ્ય આપી શકે છે. ભારત માટે "Indian Knowledge Systems" કાર્યક્રમને આ ભંડારનો પાયો બનાવી શકાય છે. પીએમ મોદીએ ચેતવણી આપી કે જીવલેણ સિન્થેટિક ડ્રગ્સ ખાઈને fentanyl દુનિયા માટે ગંભીર ખતરો બની ચૂક્યો છે. તેનાથી ન ફક્ત સમાજનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે, પણ આ રસ્તેથી આતંક માટે પૈસા પણ ભેગા થઈ રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે જૂના વિકાસ મોડલે કેટલાય દેશોને સંસાધનોથી દૂર કરી દીધા અને પ્રકૃતિના અતિ શોષણને વધારી દીધું. સૌથી વધારે અસર આફ્રિકી જેવા વિસ્તાર પર પડી. ભારતનો મેસેજ સ્પષ્ટ હતો-દુનિયાને એવી નીતિઓ જોઈએ જે સૌને સાથે લઈને ચાલે. જી૨૦ના ઉદ્ઘાટન સત્રમાં પીએમ મોદીએ કહ્યું કે વિકાસશીલ દેશોને ટેકનિક, ટ્રેનિંગ, સંસાધન અને સુરક્ષા ચારેય મોરચે દુનિયાના સહયોગની જરૂર છે. આ ત્રણ પ્રસ્તાવોમાં આ જ દૃષ્ટિકોણ છલકાય છે.

# બિહારની જેમ ગુજરાતની મહિલાઓને પણ ૧૦ હજાર રૂપિયા મળવા જોઈએ

## પ્રદેશ કોંગ્રેસની જન આક્રોશ રેલીનો વાવ-થરાદના ઢીમા ગામે ભગવાન ધરણીધરના દર્શન બાદ પ્રારંભ થયો હતો

અમદાવાદ,

ગુજરાત કોંગ્રેસની જન આક્રોશ રેલીનો આજથી પ્રારંભ કરાયો. પરિવર્તનના શંખનાદ સાથે કોંગ્રેસની જન આક્રોશ રેલી કાઢવામાં આવી. ૧૧૦૦ કિ.મી.ના ભ્રમણમાં સમગ્ર ઉત્તર ગુજરાતની જનતાના આક્રોશને વાચા આપવામાં આવશે. ત્યારે કોંગ્રેસના નેતાઓ દ્વારા ગુજરાતની મહિલાઓ પણ બિહારની જેમ ખાતામાં ૧૦ હજાર રૂપિયા આવે તેવી માંગ કરી છે. યાત્રાના પ્રસ્થાન પર કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે કહ્યું કે, પાવન ભુમિ પરથી કોંગ્રેસની જનઆક્રોશ યાત્રાની શરૂઆત કરી છે. ગુજરાતમાં કરોડો લોકો મૂળભૂત સુવિધાથી વંચિત છે. બિહારમાં મહિલાઓને ૧૦ હજાર રૂપિયા આપવામાં આવ્યા છે. તો ગુજરાતમાં પણ મહિલાઓને ૧૦ હજાર રૂપિયા આપવા જોઈએ. સરકાર કુંભકર્ણ ઊંઘમાંથી નહીં જાગે તો અમે એમને ઉખાડી ફેંકીશું. મુકુલ વાસનિકે કહ્યું કે, જ્યાં સુધી આ કુંભકર્ણની ઉંઘમાં રહેલી સરકાર જાગશે નહીં ત્યાં સુધી કોંગ્રેસનો જન સંઘર્ષ ચાલતો રહેશે. ત્રીસ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર છે, પણ પાયાની સમસ્યાઓ જૈસે થે છે. ૧૧ વર્ષથી નરેન્દ્ર મોદી ભારતના પ્રધાનમંત્રી છે પણ ખેડૂતોને આપેલા વચનો પુરા થતા નથી. મોંઘવારી અને મજુરીના દર વધે છે પણ ખેડૂતોને ઉત્પાદનના પુરતા ભાવ નથી મળતા. કુદરતી આપદામા ખેડૂતોના પાકને નુકસાન થાય છે, પણ તેને વળતર નથી મળતું. જ્યારે ચુંટણી આવે અને શાસક પક્ષના નેતાઓ આવે ત્યારે તેમને અટકાવીને પુછવુ કે કેમ ખેડૂતોને આપેલા વચનો પુરા થયા નથી? બિહારની મહિલાઓને ૧૦ હજાર રૂપિયા આપ્યા એ એક પ્રમાણે પ્રલોભન અને લાંચ હતી. જો કે ચુંટણી પંચે તેની સામે આંખ આડા કાન કર્યા. બિહારની ચુંટણી ભાજપ અને જોડીયુ જીત્યા છે હવે તેઓ વચન ભંગ કરશે. ગુજરાતમાં મહિલાઓ અને બાળકો કુપોષિત છે. ગેની બેન પર માત્ર બનાસકાંઠા અને ગુજરાત જ નહીં બંધારણમાં માનનાર તમામ લોકોને ભરોસો છે. ગેની બેનના જીતવા માટે બંધારણ માટે લડનારને ટેકો મળ્યો. તમને અભિનંદન કે ગેની બેન જેવી મજબુત મહિલાને વિજય બનાવી. તો ગુજરાત કોંગ્રેસના સહ પ્રભારી સુભાષિની યાદવે કહ્યું કે, બિહારમાં ચુંટણી સમયને મહિલાઓને ૧૦

# ૯- કેચિકેન- અલાસ્કા



હા તો મિત્રો ગયા અંકમાં વાત થઈ અમારી અલાસ્કા ટુરના કેચિકેન નામનાં શહેરની, એનાં ટોટેમ જેવાં અનેકવિધ આકર્ષણોની, 'ટોટેમ હેરિટેજ સેન્ટર'ની.

હવે વાત છે 'ટોટેમ હેરિટેજ સેન્ટર'માં જોયેલી સૅમન( સામન-સૅલ્મન) માછલીઓની ખાસિયતની. અમારા બસચાલક કમ ગાઇડ સેમભાઈએ કહ્યું એમ આ માછલીનો જીવનકાળ અનેક અલગ તબક્કામાં વહેંચાયેલો છે.

સૅમન( સામન-સૅલ્મન) માદા માછલી ઝરણાં કે નદીનાં મીઠા પાણીમાં કાંકરા જેવા પથ્થરોની નીચે સલામત જગ્યાએ હજારોની સંખ્યામાં ઈંડા મૂકે છે, જેને નર સૅમન સેવે છે. જોકે, પ્રદૂષણ અને મોટાં જળચર પ્રાણી લીધે એ તમામ ઈંડા બચશે જ એવી સંપૂર્ણ શક્યતા નથી હોતી.

જે ઈંડાં બચી જાય એ ઈંડામાંથી તાજાં જન્મેલ બચ્ચાં સહેજ મોટાં થાય અને રૂપેરી ત્વચા ધારણ કરે ત્યાં સુધીમાં એ સમુદ્રનાં ખારા પાણીમાં પ્રવાસ કરવા યોગ્ય બની જાય. ત્યારબાદ એ હજારો કિલોમીટરની મુસાફરી આદરે. સમુદ્રમાં આશરે પાંચેક વર્ષ સમય પસાર થાય અને જ્યારે પરિપક્વતાએ પહોંચે ત્યારે ફરી જ્યાં જન્મ થયો હોય એ મીઠાં પાણીનાં મૂળ તરફ યાત્રા શરૂ કરે. પુખ્ત માદા અહીં આવીને ઈંડા મૂકે ને નર ઈંડા સેવે.

અમે જે સૅમન માછલી જોઈ એણે લગભગ રૂપેરીમાંથી કાળાશ તરફ રંગ ધારણ કરવા માંડ્યો હતો. અમારા બસચાલક અને ગાઇડ એવા સેમભાઈનાં કહેવા મુજબ ઘણી પ્રજાતિઓમાં, પુખ્ત સૅમન ઈંડાં મૂક્યા પછી તરત જ મૃત્યુ પામે છે અને કેટલીક મરતાં પહેલાં એક વાર પ્રજનન પ્રક્રિયામાંથી પસાર થઈને 'સેમેલપેરસ' જીવનચક્ર પૂર્ણ કરે છે, એમાની આ એક જાત હતી.

સૅલ્મન માછલી જ્યારે પ્રજનન પછી મૃત્યુ પામે છે ત્યારે સમુદ્રમાંથી પોષકતત્વો નદીઓમાં પરિવહન કરીને ઈકોસિસ્ટમમાં ફાળો આપે છે. પ્રાણીઓ પણ કુદરતને સાચવવામાં પોતાનો શક્ય હોય એટલો ફાળો આપે છે અને કાળા માથાનો માનવીપ.??

સૅમનની પ્રજજન પ્રક્રિયા પછી અંતિમ સફર સમો એ કાળાશ પડતો રંગ જોઈને ત્યાં વધારે સમય ઊભાં રહેવાનું મુનાસીબ ન લાગતા અમે કંઈક નવું જાણ્યાનાં આનંદના બદલે ભારે મને બહાર નીકળ્યાં.

જો સમય હોય તો કેચિકેનમાં ટાવરિંગ ટોટેમ પોલ, મિસ્ટી ફ્યોર્ડ્સ નેશનલ મોન્યુમેન્ટ, ટોંગાસ નેશનલ ફોરેસ્ટ, અલાસ્કાની સ્થાનિક સંસ્કૃતિ પણ જોવા માણવા જેવા ખરા.

અમારી પાસે જેટલો સમય હતો એમાં જે જોયું, જે માણ્યું એને જીવ્યાં કરતાં જોયું ભલું માનીને ક્રૂઝ પર પરત થયાં ત્યારે સેમભાઈએ એ મોડી રાત્રે કેચિકેનમાં નોર્ધન લાઇટ્સ જોવા મળશે એવી શક્યતાનો ઉલ્લેખ કર્યો એ ક્ષણથી અમે રાત્રીનાં અગિયાર વાગ્યાની રાહ જોતાં અલાસ્કાની પર્વતમાળા પરથી વહી આવતા ઠંડાગાર સુસવાટા મારતા પવનની ઝાક ઝીલીનેય નોર્ધન લાઇટ્સ જોવી છે એવા ઉત્સાહ સાથે ક્રૂઝના સૌથી ટોચના ૧૩ મા ડેક પર પહોંચી ગયાં.

પણ, ધાર્યું હોય એ બધું જ ક્યાં મળે છે? નોર્ધન લાઇટ્સનો નજારો નજરે ન પડ્યો. શક્ય છે સાંજે સાત વાગ્યાથી ઉપડેલી ક્રૂઝે કેચિકેનને ક્યાંય પાછળ છોડી દીધું હોય, એ કારણ પણ હોઈ શકે.

"હશે, જે મળ્યું એ ગનીમત માનીને સવારથી જે ગમતું મળ્યું હતું એનો ગુલાલ હૈયામાં સાચવીને રૂમ પર પાછાં વળ્યાં.

૨૪ જુલાઈનો આખો દિવસ ક્રૂઝ વેનકૂંવર તરફ આગળ ધપતી રહી. અમે ક્રૂઝ પર આટલા દિવસની યાદગાર મુસાફરી માણ્યાંનાં આનંદ સાથે આખો દિવસ ઈન્ડોર એક્ટિવિટી કરીને પસાર કર્યો.

આજે પણ જરા અમસ્તા આંખ બંધ કરીને સ્મરણની સફરે નીકળીએ કે રાત્રે સૂવાનાં સમયે દરિયાનાં આગોશમાં વહેતી ઠસ્સાદાર ક્રૂઝના રૂમની બાલ્કનીમાંથી દેખાતી, જાણે સતત સાથે રહેવું હોય એવી પર્વતમાળા નજરે આવે જ છે.

એ આખા દિવસની સફર દરમ્યાન અનાયાસે તરતી- રમતી વ્હેલ જોવા મળી જાય તો બાલ્કનીમાં કે ડેક પર ઊભાં રહ્યાંનું લેખે લાગતું.

પણ, વ્હેલને જોયાની એ ઉત્તેજના, એ ઉત્સુકતા શમી કે તરત એ વિચાર આવ્યો કે, આપણે જેમને જોઈને આનંદિત થઈએ છીએ એ જળચર જીવો પર દરિયાઈ આવનજાવન માટે ઉપયોગમાં લેવાય છે એ નાનાં કે મોટાં વાહનોથી માઠી અસર તો પડે જ છે. આ વાહનોનાં મશીનના અવાજ, ક્રૂઝમાંથી ઠલવાતા કચરાથી ફેલાતું પ્રદુષણ પણ દરિયાઈ પ્રાણીઓ માટે માટે અત્યંત નુકશાનકર્તા છે. ક્યારેક તોતિંગ ક્રૂઝની અડફેટમાં આવી જતી વહેલ કે એવાં જીવોના વિચારમાત્રથી અરેરાટી થઈ. વર્તમાન સમયની જરૂરિયાતને અનુલક્ષીને માનવીની જળ, જમીન, આભ કે અંતરિક્ષની સફર તો હવે ટાળી શકાય એમ નથી, પણ મનથી એટલી પ્રાર્થના થઈ કે, 'આ દોટમાં જળ, જમીન, આભ કે અંતરિક્ષનાં જીવોને નુકશાન ન પહોંચે તો ગનીમત.'



ક્રૂઝ પરનો એ છેલ્લો દિવસ, છેલ્લી રાત હતી. સવારે આંખ ખુલી ત્યારે ક્રૂઝ વેનકુંવર પહોંચી ગઈ હતી.

વેનકુંવરની સફરની વાત આવતા સપ્તાહે.

**- આલેખનઃ રાજુલ કૌશિક**

# ગ્રહોથી અવિશ્વસનીય ઘટનાઓ

Yogi Astrology ના અંક ૧૫૯માં આપ સૌનું સ્વાગત છે. અંક ૧૫૬માં આપ્યું હતું કે ૧૦૦% આતંકવાદી ઘટના બનશે, હાલ દિલ્હી ત્યારબાદ જમ્મુ - કાશ્મીરમાં ફરીથી આતંકવાદ ઘટના બની છે. ગયા અંકમાં લખ્યું હતું કે સૂર્ય મંગળની યુતિ વૃશ્ચિક હોવાથી કેમિકલ ઘટના બને છે, જેમાં દિલ્હીમાં આતંકવાદી ઘટનામાં કેમિકલનો ઉપયોગ થયો છે. હજુ આ ઘટના વિશ્વમાં જોવા મળશે. મંગળ અસ્તનો હજુ ૨-૫-૨૦૨૬ સુધી રહેશે. આ સમય દરમ્યાન મંગળ શનિ સાથે પણ યુતિ બનાવશે. ૨૦૨૫ કરતા ૨૦૨૬ વર્ષ ઘણું ખરાબ રહેશે. હાલ ગ્રહોની સ્થિતિ ઉપરથી વિશ્વ માટે ઘણો મુશ્કેલ સમય બતાવે છે. મારા ઘણા વખત પહેલાના લેખમાં લખ્યું હતું કે આવનાર સમય ન્યુક્લિયર શસ્ત્રનો ઉપયોગ થશે. મારા પાછળ અંક ૧૫૩માં લખ્યું હતું કે શની પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં આવશે. ત્યારબાદ ન્યુક્લિયર એક્ટિવિટી થતી જોવા મળશે. પાકિસ્તાનમાં અમેરિકા દ્વારા ફરીથી ન્યુક્લિયર ઉપર કામ કરતા જોવા મળ્યા છે. ૨૩ નવેમ્બરથી રાહુ શતભિષા નક્ષત્રમાં પ્રવેશ કરશે. શતભિષા નક્ષત્ર એ કેમિકલ, યુરેનિયમ, શસ્ત્ર એટકમિક એનર્જી, ન્યુક્લિયર ટેસ્ટ તથા નવી ટેક્નોલૉજીમાં પ્રગતિ બતાવે છે. શતભિષા નક્ષત્રમાં રાહુ લગભગ આઠ મહિના રહેશે. શની - પૂર્વાભાદ્રપદામાં ૨૦ જાન્યુઆરી સુધી રહેશે. ત્યારબાદ શની ઉત્તરાભાદ્રપદામાં આવશે. આથી આ સમય એટલે કે ૨૦૨૬ - જૂન-જુલાઈ સુધી વિશ્વ ઉપર ન્યુક્લિયર શસ્ત્રનો ઉપયોગ થઈ જાય તેમાં નવાઈ નથી. પાછલી રૈર્જ્ઞિ જોતા જ્યારે જ્યારે રાહુ શતભિષા નક્ષત્રમાં આવ્યો ત્યારે ન્યુક્લિયરની કોઈ ને કોઈ ઘટના જોવા મળી છે. ૧૯૪૫માં જાપાન ઉપર એટેક થયો ત્યારે રાહુ શતભિષા નક્ષત્રમાં, ન્યુક્લિયર નક્ષત્રમાં થોડા વર્ષ પહેલા કોંજરૈદ્વઠ્ઠ ન્યુક્લિયર એટેક થયો ત્યારે પણ સૂર્ય -મંગલ શતભિષા નક્ષત્રમાં, યુરોપમાં ઝરીર્હિહ્વઅજ્ઞમાં ન્યુક્લિયર લીક થયો, ત્યારબાદ જાપાનમાં ન્યુક્લિયર રેડિએશન લીક થયો ત્યારે રાહુ પણ શતભિષા નક્ષત્રમાં હતો.

આ ઉપરથી કહી શકાય કે જ્યારે જ્યારે શતભિષા નક્ષત્ર એક્ટિવ થાય ત્યારે ત્યારે ન્યુક્લિયર ઉપર કંઈ નાની મોટી ઘટના જોવા મળે છે. ૨૩ નવેમ્બર પછી આ નક્ષત્ર રાહુમાં એક્ટિવ થાય છે, તેથી વિશ્વ માટે સારો સમય નથી. આ ઉપરાંત જ્યારે પણ વિશ્વમાં શક્તિશાળી દેશનું પતન થાય છે. ત્યારે યુદ્ધ થયું છે. આથી મારી નજર અમેરિકા ઉપર છે. હાલ અમેરિકામાં આર્થિક મંદી ઘણી ચાલી રહી છે. આ ઉપરાંત અમેરિકાનો હાથ હાલ પાકિસ્તાન ઉપર છે. ભારત ઉપર અમેરિકા દ્વારા પાકિસ્તાનનો ઉપયોગ કરીને આવી ક્રિયા કરવાની કોશિશ થશે. અથવા ઘણા દેશો ન્યુક્લિયર ટેસ્ટ પણ કરશે. આ સમય દરમ્યાન ન્યૂઝમાં બ્રેકિંગ ન્યૂઝમાં ન્યુક્લિયર વિશેષ ચર્ચા થતી જોવા મળશે.

મારા અગાઉ લેખમાં લખ્યું હતું કે શની-રાહુ બને પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં હતા. તથા મંગળ અસ્ત વિષે લખ્યું હતું આથી આતંકવાદી ઘટના જોવા મળશે. હજુ આવનાર બે મહિનામાં આતંકવાદી ઘટના થતી જોવા મળશે. શની જાન્યુઆરી સુધી પૂર્વાભાદ્રપદામાં રહેશે તથા તમે જોયું કે જ્યારે ગુરુ વક્રી થવાની તૈયારીમાં હતો તેના ૧૦ કલાક પહેલા દિલ્હીમાં ઘટના બની, વક્રી થયા પછી જમ્મુ-કાશ્મીર ઘટના બની, હજુ આવી ઘટના થતી જોવા મળશે. બુધ વક્રી થવાથી તથા તેમની બુદ્ધિ ભ્રષ્ટ થતા ખોટા પ્લાનથી ફક્ત દિલ્હીની ઘટના બની. નહીં તો ભારતમાં આવી મોટી-મોટી ઘટના થતા બચી ગઈ. હજુ પણ ભારતમાં સરકાર તથા વિશ્વમાં દરેક જગ્યા ઉપર સાવચેતી રાખવી પડશે. આ ઘટના પાછળ ફક્ત પાકિસ્તાન નથી અમેરિકા, તુર્કી, ચીન જેવા દેશોનો હાથ પણ બહાર આવશે. હાલ બુધ, ગુરુ, શની વક્રી છે તથા રાહુ શતભિષા નક્ષત્રમાં ૨૩ નવેમ્બરે આવી રહ્યો છે. આ સમયની આસપાસ યુદ્ધ શરૂઆત બતાવે છે. ભારતની સૂર્ય-મંગળ યુતિ (અંગારયોગ) મંગળ-રાહુ વચ્ચે ૬-૮ નો સંબંધ, મંગળની પાંચમી દ્રષ્ટિ શની ઉપર, આ બધી વસ્તુ યુદ્ધ જ બતાવે છે.

બીજું મારા અગાઉ ઘણા લેખમાં લખ્યું હતું કે, પાડોશી દેશમાં કંઈ ને કંઈ થતું જોવા મળશે, તેમાં તમે જોયું કે નેપાળ, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બલુચિસ્તાન, POKમાં હાલ વિદ્રોહ થઈ રહ્યા છે. હાલ બાંગ્લાદેશમાં હલચલ પાછી ચાલુ થઈ છે, ફરીથી ત્યાં સત્તા પરિવર્તનની સાથે ટુકડા થવાની કતાર ઉપર છે. બાંગ્લાદેશની કુંડળી પ્રમાણે હાલ શુક્રની દશા, તેમાં શનિ પ્રતિદશા ચાલે છે. તેમની કુંડળી પ્રમાણે શુક્ર આઠમે તથા શનિ સાત-આઠ નો સ્વામી મેષ રાશિમાં દશમે નીચનો થઈ બેઠો છે. જ્યારથી બાંગ્લાદેશની શુક્રની દશા શરૂ થઈ ત્યારથી ત્યાં સત્તા પરિવર્તનથી હવે શુક્ર-શનિમાં શુક્રની દશા ચાલે છે. આથી ત્યાં ફરીથી મોટા પાયે વિદ્રોહ થઈ રહ્યો છે. ૨૦૨૬-૨૦૨૭માં ભારત બાંગ્લાદેશ, પાકિસ્તાન, ચીન જેવા દેશો સાથે યુદ્ધમાં ઘેરાયેલું રહેશે.

મારા અગાઉના એક અંકમાં લખ્યું હતું કે વક્રી ગ્રહો તથા જલીય ગ્રહોથી વિશ્વમાં કુદરતી આપતી થતી જોવા મળશે, તેમાં તમે જોયું કે LONDON (U.K)માં પાણીથી ભારે તબાહી થઈ છે, આ ઉપરાંત જાપાનમાં લાવા વિસ્ફોટ થયો છે, તેની અગાઉ હવાઈમાં લાવા વિસ્ફોટ થયો. રશિયા - યુક્રેનની જંગમાં તેજી તેનું કારણ સૂર્ય-મંગળ તથા મંગળ અસ્ત હોવાથી.

આજે ધરતીકંપ ઉપર કંઈ લખીશ.

નવેમ્બર ૨૦ની આસપાસ ધરતીકંપની ઘટના થતી જોવા મળશે. વિશ્વમાં નોર્થમાં આ ઘટના જોવા મળશે. દિલ્હી (૬.૯ તીવ્રતા), જમ્મુ-કાશ્મીર, હરિયાણા, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, હિમાલય એરિયા, રાજસ્થાન, ગુજરાત, ચીન, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, વિયેતનામ, સ્વિડન, ફિલિપાઈન્સ, અમેરિકામાં કેલીફોનિયા, સાનફ્રાન્સિસ્કો, બ્રાઝિલ, આફ્રિકા, જાપાન, યુરોપમાં નોર્થ ભાગ આ બધા દેશોમાં ૨૦ નવેમ્બરની આસપાસસ ધરતીકંપ થતો જોવા મળશે. આમ નવેમ્બર થી જાન્યુઆરી ૧૪ સુધી વિશ્વમાં જલીય, ધરતીકંપ, હેરીકેન, સાયક્લોન, આતંકવાદી ઘટના, વિદ્રોહ, કેમિકલ વિસ્ફોટ, અચાનક ઠંડી પડવી જેવી અકલ્પનીય ઘટના થતી જોવા મળશે. મારા લેખ મુજબ આવું કશું ન બને તેવી આશા રાખું છું. પરંતુ ગ્રહો સામે કોઈનું ન ચાલે?

Yogi Astrologyની મુલાકાત લઈ તમારી સમસ્યા દૂર કરવા વૈદિક કુંડળી બતાવીને સમાધાન કરાવશો. અમુક ઉપાયથી તમારા જીવન રાહત મેળવી શકો. યોગ્ય ઉપાય તથા પૂજાપાઠથી સમસ્યાનું સમાધાન કરી આપીશું. મારા સંપર્ક માટે +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ તથા www.yogiastrology.ca ઉપર જશો.




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad
& published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું